# <u>આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ</u>

**શ્રીમતી ભાનુબેન બાબરીયા (સામાજિક ન્યાય અને અધિકારીતા અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યું તે બદલ **માનનીય ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલ** એ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને જેને **માનનીય ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ** એ ટેકો આપ્યો એ આભાર પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

**મા. અધ્યક્ષશ્રી**

ગુજરાતનું ગૌરવ, પ્રખર રાષ્ટ્રભક્ત, નિડર, સામાજિક સમરસતાના હિમાયતી, વહીવટી કુશળતા ધરાવતા, યુવાનોના પ્રેરણાસ્ત્રોત, મા ભારતીના સપૂત એવા નરેન્દ્રભાઈ મોદી સાહેબે ભારતને દુનિયાના નક્શા પર અલગ ઓળખ આપનારા આ દેશના વડાપ્રધાનશ્રીએ ભારતને વિશ્વમાં ગૌરવ અપાવ્યુ છે.

આજે સમગ્ર વિશ્વની દ્રષ્ટિએ ભારતની એક અલગ છબી ઉપસી આવે છે. એ પ્રમાણે આપણા વડાપ્રધાનશ્રીએ આપણને વિશ્વસ્તરે ગૌરવ અપાવ્યું છે.

**માન. અધ્યક્ષશ્રી**

ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈની સરકાર તેમના નેતૃત્વમાં દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહી છે.

આજે ગુજરાત ઉદ્યોગ, શિક્ષણ, કૃષિક્ષેત્રે, મહિલાઓના કલ્યાણ, આરોગ્ય, યુવાનો, ગરીબો, ખેડૂતો, બાળકો, આમ સર્વ ક્ષેત્રમાં ગુજરાત વિકાસનું રોલ–મોડલ બન્યુ છે.

છેવાડાના અંતિમ પગથિયે બેઠેલો વ્યકિત અમારૂ પ્રથમ લક્ષ્ય છે અને એટલે પ્રજાના આશિર્વાદથી ગુજરાત પ્રગતિ કરી રહયુ છે અને છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને શાસન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી આપે જયારે આ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકેનું ગૌરવવંતુ પદ સંભાળ્યુ હતું ત્યારે આપના આભાર દર્શન પ્રવચનમાં આપે જે ત્રણ બાબતોની વાત કરી હતી તેને યાદ કરી હું મારી વાતની શરૂઆત કરવા માગું છું. આપે કહ્યું હતું કે આપણો દેશ આઝાદ થયો ત્યારે આ દેશ સમક્ષ ત્રણ મુખ્ય પડકારો હતા જેમ કે.....

1. આ દેશના લોકોને ભારતના બંધારણે આપેલા મૂળભૂત અધિકારો આ દેશના નાગરિકો સુધી પહોંચે તે ચિંતા કરવી.

2. આ દેશમાંથી સામાજિક અસમાનતા અને બેકવર્ડનેસ એટલે કે પછાતપણુ દૂર કરવું.

3. આર્થિક પ્રગતિ હાંસલ કરવી એ રીતે કે પ્રગતિના માપદંડમાં વિકાસની નીસરણીના છેલ્લે પગથીયે બેઠેલા વ્યક્તિની ઉન્નતિ થાય એટલે કે અંત્યોદયની ભાવના સાર્થક થાય.

**માન.અધ્યક્ષશ્રી**

વિકાસએ ગુજરાતની તાસીર રહી છે. આપત્તિઓને અવસરમાં પલટાવવાનું સામથર્ય ગુજરાતના મિજાજમાં છે. સરળ અને સૌમ્ય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંવેદનાસભર ત્વરિત પગલાં લઈને વંચિતો, મહિલાઓ, બાળકોની સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાના એક પછી એક નક્કર કાર્યો હાથ ધર્યા છે.

આજે ગુજરાત "**આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત**" ના સૂત્ર સાથે વિકાસને તેજ ગતિથી આગળ વધારી રહયુ છે.દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે, છેવાડાનો માનવી પણ પોતાનાં ઘરની છત્રછાયા હેઠળ શાંતિ, સલામતી અને સુરક્ષા મેળવીને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે.

**માન અધ્યક્ષશ્રી**

આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ **"ટીમ ગુજરાતે"** આજે ગુજરાતના ખૂણે ખૂણાનો વિકાસ કરીને ઊંચાઈના શિખરો સર કર્યા છે. ગુજરાતે **વિકસિત ભારત @ ૨૦૪૭**ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં નક્કર પગલાં લીધાં છે. ૨૦૪૭ માં આઝાદીની એક સદી તરફ આપણે જયારે જઈ રહ્યા છીએ ત્યારે આપણું ભારત સંપુર્ણ વિકસિત ભારત બને એ દિશામાં આપણી સરકાર કામ કરી રહી છે.

**વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં** અનેક લોકો ભાગીદાર થયા છે અને દેશ હિત માટે, દેશના વિકાસ માટે અને દેશને વિશ્વગુરૂ બનાવવા માટે અનેક લોકોએ સંકલ્પ લીધા છે.

**માન. અધ્યક્ષશ્રી**

સાથે સાથે હું **વાઈબ્રન્ટ ગુજરાતની** વાત કરુ તો

એક સમયે ૨૦૦૩માં પ્રથમવાર સાયન્સસીટી અમદાવાદ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજાઈ હતી, ત્યારે ગુજરાતને વિકાસ તરફ આગળ વધારવા વિશ્વના ઉદ્યોગકારોને ગુજરાતમાં રોકાણ કરવાનું આમંત્રણ અપાયું હતું.

માન. નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં કહું તો.. **"વાઈબ્રન્ટ બ્રાન્ડીંગ નહી પરંતુ બોન્ડીંગ છે"** અને વિશ્વના અનેક દેશો ગુજરાતમાં મુડીરોકાણ કરી રહ્યા છે જેના થકી આજે વાઈબ્રન્ટ એક વિશાળ વટ વૃક્ષ બન્યુ છે.

**માન અધ્યક્ષશ્રી**

**મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમ** અંતર્ગત આ દેશની આઝાદીમાં અનેક વીર શહીદો એ પોતાના જીવની આહુતી આપી છે એ વીર શહીદોની યાદમાં ગામડે – ગામડે શીલાફલકમ બનાવવામાં આવી.

સાથે સાથે આપણી માતૃભૂમિનું આપણા માટે શું મહત્ત્વ છે, આપણી આ ભારત ભૂમિ આપણી માતા છે સમગ્ર વિશ્વમાં ભારત એક એવો દેશ છે જ્યાં તે માતૃભૂમિને માતા કહેવામાં આવે છે.

આવનારી પેઢીમાં માતૃભૂમિનું ગૌરવ રહે આપણા વીરશહીદોની યાદ આપણા વારસામાં રહે અને દેશભક્તિની ખુમારી દરેક પ્રજામાં રહે તે માટે આ કાર્યમાં પણ ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા અને દિલ્હીમાં **'અમૃત વાટિકા'** બનાવવા માટે **૭ હજાર ૫૦૦ કળશ**માં દેશના ખૂણે–ખૂણેથી માટી વહન કરીને 'અમૃત કલશ ચાત્રા' કાઢવામાં આવી હતી. આ 'અમૃત વાટિકા' 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.

**માન. અધ્યક્ષશ્રી**

આદરણીય વડાપ્રધાનશ્રી દ્વારા સશક્ત ભારત માટે મહિલા સશક્તિકરણને પણ વેગ આપવામાં આપ્યો છે. રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓનું પણ પૂર્ણ યોગદાન રહે તે માટે પહેલા **સ્થાનિક સ્વરાજ્યમાં ૫૦%. મહિલા અનામત** આપ્યું અને તેના પરિણામે ઘણી બધી બહેનો રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહી છે અને એજ રીતે હવે કેન્દ્રમાં **"નારી શક્તિ વંદન અધિનિયમ"** આવ્યું ત્યારે બહેનો માટે મને કહેવાનું મન થાય......

**"ક્ષીણ નહીં, અબલા નહીં,ના હી વહ બેચારી હૈ,**
**જોશ ભરા લિબાસ પહને, ગર્વ સે ચલતી, આજ કી નારી હૈ."**

આ દેશની મહિલાઓને આ રીતે શ્રેષ્ઠ સન્માન આપવા બદલ આ દેશના વડાપ્રધાનશ્રીનો હું ખુબ ખુબ આભાર માનુ છું.

તેમણે હમેશા મહિલા સાથે સાથે આ દેશની દિકરીઓની બાલિકાની પણ ખુબ ચિંતા કરી છે.

**માન. અધ્યક્ષશ્રી**

મહિલા શક્તિકરણની વાત આવી એટલે માટે આ સભાગૃહને મારે હર્ષ સાથે કહેવું છે હમણાં જ **૨૪ જાન્યુઆરી 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની** ઉજવણી આ સભાગ્રહમાં એક અનોખી રીતે કરવામાં આવી હતી. આ દિકરીઓ માટે હું દોહરાવું કે....

**વિધાતાના નવ નિર્માણની કળાકૃતિ તું ,**
**એક દિવસ તો તારા અસ્તિત્વની ઉજવણી કર તું.**
**જીવન આખું વિતાવ્યું બીજાઓના સપનાઓ પૂરા કરવા,**
**એક દિવસ તો પોતાના સપનાઓને મુક્તમને ઉડવા તો દે તું.**
**તારી ઉતંગ ઉડાન આગળ ગગન પણ લાગે નાનું**
**તારી વિશાળ પાંખોને હેઠળ આખું વિશ્વ તો જીત તું.....**

ગુજરાતની **૧૩** જેટલી બાલિકાપંચાયતની દિકરીઓ તેમજ અમદાવાદ સમરસ કન્યા છાત્રાલયની દિકરીઓ દ્વારા ૧ કલાક માટે આ ગૃહનું સંચાલન કરવામાં આવ્યું હતું અને **'તેજસ્વીની વિધાનસભા'** નામ સાથે કાર્યક્રમ થયો હતો. મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ વિધાનસભાના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

**માન. અધ્યક્ષશ્રી**

ત્યારે એ બાલિકામાં મુખ્યમંત્રી, વિધાનસભાના અધ્યક્ષ, વિરોધ પક્ષના નેતા, મંત્રીઓ અને ધારાસભ્યના પાત્ર દિકરીઓએ ભજવ્યા હતાં અને ખૂબ સરસ રીતે આ ગૃહની સંસદીય પ્રણાલીકા પ્રમાણે ગૃહ ચલાવ્યું હતું.

મુખ્યમંત્રી સાહેબે આશિર્વચન ભવિષ્ય માટે આપ્યા અને મને એ પણ યાદ છે **માન. અધ્યક્ષશ્રી** આપે એ કહ્યું હતું કે **"આ દિકરીઓના સ્વરૂપે મા જગદમ્બા સાક્ષાત ગુજરાત અને નરેન્દ્રભાઈને આશિર્વાદ આપીને એમ કહેતી હોય કે દેશની અને ગુજરાતની પ્રગતિને કોઇ રોકી નહી શકે."**

એ દિવસે એક વિશેષ વાત એ પણ રહી કે દરેક દિકરીએ આપણી ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સાડી પહેરીને જ આ ગૃહમાં આવી હતી.

અને માન.અધ્યક્ષશ્રી એકી સાથે એકજ સમયે આ કાર્યક્રમનું આયોજન સમગ્ર ગુજરાતમાં થયું.

કોર્પોરેશન જનરલ બોર્ડ અને જિલ્લા પંચાયતમાં સામાન્યસભા મળી આમ સમગ્ર ગુજરાતમાં **૧૩૦૦** દિકરીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા આપનો પણ ખૂબ સહયોગ રહ્યો જેના માટે આ ગુજરાતી દિકરીઓ આપની આભારી રહેશે.

**માન. અધ્યક્ષશ્રી આ કાર્યક્રમની સફળતાના ભાગરૂપે મને કહેતા આનંદ થાય છે કે.....**

ગુજરાતમાં એક સાથે તમામ સ્તરે લોકશાહીના સત્રમાં વધુ દિકરીઓ દ્વારા ભાગ લેવાનો વિક્રમ સ્થાપિત કરવામાં આવ્યો હતો જેને **એશિયા બુક ઓફ રેકોર્ડનો એવોર્ડ અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડનો એવોર્ડ** મારા મહિલા બાળ વિકાસ વિભાગને મળેલ છે.

**માન અધ્યક્ષશ્રી**

માન. વડાપ્રધાન નરેન્દ્રભાઇના નેતૃત્વમાં તેઓ મુખ્યમંત્રી હતા ત્યારથી અનેકવિધ યોજનાઓ દિકરીઓ અને મહિલાઓ માટે સાકાર કરવામાં આવી જેવી કે **ચિરંજીવી યોજના, બેટી બચાવો બેટી પઢાવો, કન્યા કેળવણી રથ, સરસ્વતિ સાધના સાયકલ સહાય, વ્હાલી હિકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ૧૮૧ અભયમ, માતા યશોદા એવોર્ડ ,પૂર્ણા યોજના** લાવી મહિલાઓને સ્વનિર્ભર થવા પ્રેરણારૂપ બન્યા છે.

**માન.અધ્યક્ષશ્રી**

સમગ્ર ભારતમાં, સમાજમાં દીકરીઓની સતત ઘટતી જતી સંખ્યા અન્વયે લોકોમાં જાગરૂકતા લાવવા, દીકરીઓ પ્રત્યેની સંકુચિત માનસિકતા બદલવા તથા દીકરીઓના જન્મ, શિક્ષણ, સુરક્ષા, સલામતીને પ્રોત્સાહન આપવા આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા **'બેટી બચાવો બેટી બેટી પઢાવો'** અભિયાન શરૂ કરાવવામાં આવેલ જેના પરિણામે દિકરી જન્મદરના પ્રમાણમાં વધારો થયો છે**. (૨૦૧૯/૨૦ ના આંકડા મુજબ ૮૯૦ થી  વધીને ૯૫૫ થયો.)** જે ખુબ જ મહત્વની બાબત છે.

**માન. અધ્યક્ષશ્રી**

રાજ્યમાં દિકરીઓ જન્મનું પ્રમાણ વધે, દિકરીના શિક્ષણમાં વધારો થાય તે માટે **"વ્હાલી દિકરી"**યોજના અમલમાં મૂકી આ યોજના થકી દિકરીઓને જન્મથી ૧૮ વર્ષ સુધીમાં **રૂ. ૪ હજાર થી ૧ લાખ સુધીની સહાય** આપવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી**

માન.નરેન્દ્રભાઈ મોદી દ્વારા કન્યાઓનું શાળાઓમાં ૧૦૦ ટકા નામાંકન થાય, શાળાએ આવતા થાય તે માટે કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત કરાવી ગામે ગામ **કન્યા કેળવણી રથ** પ્રસ્થાન કરાવેલ જેના ફળ સ્વરૂપે આજે ગુજરાતની દિકરીઓ ભણીને ડોકટર, સૈન્ય, પાયલોટ જેવા ઉચ્ચ હોદ્દાઓ પર ફરજ બજાવી રહી છે. દિકરીઓનું સાક્ષરતાનું ધોરણ ઊંચુ લઈ જવા **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ** યોજના શરૂ કરાવી હતી જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૮ હજાર ૫૯૯ વિદ્યાર્થીનીઓને **રૂ.૫૫૩ કરોડ ૨૩ લાખની** સહાય ચુકવવામાં આવી છે.

**માન. અધ્યક્ષશ્રી**

આદરણીય વડાપ્રધાનશ્રી દ્વારા સશકત ભારત માટે મહિલા સશકિતકરણને પણ વેગ આપ્યો છે. આજે તેમના નેતૃત્વમાં એક એવા સમાજનું સર્જન થઈ રહ્યું છે જ્યાં મહિલાઓ પણ પુરુષોની સાથે ખભે ખભા મિલાવીને રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન આપી રહી છે.

**માન.અધ્યક્ષશ્રી કૃષિની વાત કરું તો....**

**સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા હતા કે., "આપણી અર્થ વ્યવસ્થાનું એન્જિન કૃષિ છે. આથી સમૃદ્ધ ગ્રામિણ વ્યવસ્થા જ દેશ ને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવશે."**

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે આવેલા આ બદલાવનું કારણ હાલના વડાપ્રધાનશ્રી એ ગુજરાતમાં ખેડૂતોની પ્રગતિ અને ઉત્કર્ષનો પાયો નાખેલો છે. રાજયના ખેડૂતોને કૃષિ ક્ષેત્રે ઉત્પાદન વધારવા નવી ટેકનોલોજી ખેડૂતો સુધી પહોંચાડવી, કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન, પશુપાલન આ બધી જ ચિંતા કૃષિ રથના માધ્યમથી કરવામાં આવે છે. માન.નરેન્દ્રભાઈ મોદી દ્વારા **કૃષિમહોત્સવ અને કૃષિ રથનો પ્રારંભ** કરાવેલ. જેના પરિણામ સ્વરૂપે **કૃષિ ક્ષેત્રે** ગુજરાત ખૂબ પ્રગતિ કરી સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું છે. જેનો શ્રેય મારા ખેડુત બાંધવોએ કરેલી અથાગ મહેનતનું પરિણામ છે.

**માન. અધ્યક્ષશ્રી**

આજે ગુજરાતમાં **બાગાયત ખેતીનું** મહત્ત્વ વધ્યું છે. દક્ષિણ ગુજરાતમાંથી આજે વિપુલ પ્રમાણમાં શાકભાજીઓનું એક્સપોર્ટ થાય છે. બનાસકાંઠાના વિસ્તારમાં આજે ડ્રેગનફ્રુટનું ઉત્પાદન કરવામાં આવે છે તે ઉપરાંત ખારેક અને દાડમનું પણ સારા પ્રમાણમાં ઉત્પાદન વધ્યું છે.

**માન.અધ્યક્ષશ્રી**

સાથો સાથ માન.વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવેલ હિમાયતથી સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૩ને **'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ'** તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. તે અન્વયે ભારતની પરંપરાગત ખેત પેદાશો **શ્રીધાન્ય(મિલેટ)**ની ખેતી અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવાની બાબતને ધ્યાને લઈ મારા વિભાગ મહિલા અને બાળ કલ્યાણ દ્વારા સમગ્ર રાજ્યમાં મિલેટ્સમાંથી બનતી વાનગી અંગેની જુદા–જુદા સ્તરે સમગ્ર રાજ્યમાં **૩ હજાર ૨૪૩ જેટલી સ્પર્ધાઓનું** આયોજન કરી લોકોમાં મિલેટસ તથા તેમાંથી બનતી પોષણયુક્ત વાનગીઓ વિશેની જાગૃતતા કેળવાય અને લોકો તેનો ઉપયોગ કરતા થાય તેવી અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી.

આ ઉપરાંત રાજ્યના **૮** મહાનગરોમાં **'મેગા સિટી મિલેટ એક્સ્પો'**નું આયોજન કરી ખેડૂતોને મિલેટ્સની ખેતી માટે તાલીમ અને સેમિનારોનું આયોજન કરી મિલેટ્સનું મહત્ત્વ લોકો સુધી પહોંચે તેવા પ્રયત્નો હાથ ધરાયા હતા.

**માન.અધ્યક્ષશ્રી**

માન.રાજ્યપાલશ્રીએ પંડિત દિન દયાળ ઉપાધ્યાયે કહેલા શબ્દો કે, **''દરિદ્રતાના અંતિમ પગથિયે બેઠેલો માનવી અમારું પ્રથમ લક્ષ્ય છે.''** જે ખરા અર્થમાં ચરીતાર્થ કરતાં મારે કહેવું છે કે.,

અમારી સરકારે **વંચિતોના વિકાસ** માટે છેવાડાના માનવીને પણ ઘરે બેઠા યોજનાનો લાભ મળી રહે તે માટે તમામ યોજનાઓ ઓન લાઈન કરવામાં આવી છે અને હવે તો ગ્રામ પંચાયત લેવલે જ લાભાર્થી **ઈ–ગ્રામ** હેઠળ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની કુંવરબાઈનું મામેરું, સમુહ લગ્ન સહાય, આવાસ યોજના, મરણોત્તર સહાય, સંત સુરદાસ, દિવ્યાંગ આર્થિક સહાય, પેન્શન સહાય જેવી **૪૫ વ્યકિતલક્ષી યોજનાઓનો લાભ લઈ શકે છે.**

ગુજરાત રાજ્યના લોકો હંમેશા એકબીજાને ખભેથી ખભો મિલાવીને ચાલવાની વૃત્તિ ધરાવે છે જેનું ઉત્તમ ઉદાહરણ છે. આદરણીય વડાપ્રધાનશ્રીએ શરૂ

કરેલ સમરસ યોજનાઓ જે ગ્રામ્ય લેવલે સમરસ પંચાયતોથી શરૂ કરી વિદ્યાર્થીઓ માટે સમરસ છાત્રાલયોનું નિર્માણ કરાવી ખરા અર્થમાં સામાજિક સમરસતા લાવી છે. આજે સમાજના દરેક વર્ગના બાળકો એક છત્ર નીચે રહીને અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાત રાજયમાં આજે **૧૦ જિલ્લામાં ૨૦ કુમાર અને કન્યા સમરસ છાત્રાલયો** કાર્યરત છે. તે ઉપરાંત અનુસૂચિત જાતિ, વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે **૧૪૧ સરકારી છાત્રાલયો ૫૭ આદર્શ નિવાસી શાળાઓ તેમજ ૧૩૨૪ ગ્રાન્ટ ઈન છાત્રાલયોમાં** રહી અભ્યાસ કરી શકે તે માટે રહેવા, જમવા અને ભણવાની વિનામૂલ્યે સૂવિધાઓ આપવામાં આવી રહી છે. સમાજના છેવાડાના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે અમારી સરકાર સતત સંવેદનશીલ રહી છે. છેલ્લા ૧૦ વર્ષમાં અનુસૂચિત જાતિના અને વિકસતી જાતિના **૫ કરોડથી પણ વધુ વિદ્યાર્થીઓને રૂ.૩૩૦૦ કરોડથી પણ વધુ રકમની શિષ્યવૃત્તિ** આપવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી**

માન.વડાપ્રધાનશ્રી દ્વારા દરેક ને પોતાનું ઘરનું ઘર મળી રહે તે માટે **પ્રધાનમંત્રી આવાસ યોજના** અમલમાં મૂકી આજે શહેરી અને ગ્રામિણ વિસ્તારો મળી **કુલ ૩૨ હજાર** આવાસોનું નિર્માણ કરાવ્યું છે. જ્યારે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના નાગરીકોને પોતાના સપનાનું ઘર મળે તે આશયથી છેલ્લા ૧૦ વર્ષમાં માટે ડૉ.આંબેડકર આવાસ અને પંડિત દિન દયાલ ઉપાધ્યાય આવાસ યોજના થકી **અઢી લાખથી** પણ વધુ આવાસોનું નિર્માણ **રૂ.૧૩૦૦ કરોડથી વધુની** સહાય આપી કરવામાં આવેલ છે.

**સમાજમાં મા–બાપ વગરની દિકરીઓ માટે અમારી સરકાર મા–બાપ બનીને તેની દરકાર કરી રહી છે.** આજે આવી દિકરીઓને લગ્ન સમયે તેના **પાલક માતા–પિતાઓને** મદદરૂપ થવા **રૂ.૨ લાખની સહાય** આપવામાં આવે છે.

કોરોના સમયે **મુખ્યમંત્રી બાળ સેવા યોજના** અંતર્ગત પ્રતિ બાળક દિઠ રૂ. ૪ હજાર સુધીની માસિક સહાય અંદાજિત ૨૦ હજાર જેટલા પાલક માતા–પિતાને આપવામાં આવી હતી તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં પાલક માતા–પિતા યોજના અંતર્ગત માસિક રૂ.૩ હજાર લેખે કુલ ૧૯ હજાર ૯૫૦ લાભાર્થીઓને રૂ.૩ કરોડ ૬૭ લાખ ૧૫ હજારની સહાય ચુકવવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી**

**'વનબંધુ કલ્યાણ'** યોજના અમલી બનાવી જેમાં **પ્રથમ તબક્કે રૂ.૧૭ હજાર કરોડની** અને **બીજા તબક્કે રૂ.૪૨ હજાર કરોડની** ફાળવણી કરવામાં આવી. આ યોજનાના અમલ અને નિર્ણાયક નેતૃત્વને કારણે આજે પુર્વપટ્ટીના **આદિજાતિ** ગામોમાં વિકાસની નવતર પરિભાષા અંકિત થઈ છે.

ગુજરાતમાં **"જ્યાં નાગરિકતા ત્યાં સુવિધા"** તે મંત્રને ખરા અર્થમાં અહિં ચરિતાર્થ કરવામાં આવ્યો છે.

મારા મહિલા અને બાળ કલ્યાણ વિભાગમાં પણ આદિજાતિ વિસ્તારના મહિલા અને બાળકોના પોષણ સ્તરમાં સુધાર માટે વિવિધ યોજના અમલમાં છે જેવી કે., **પોષણસુધા યોજના, મુખ્યમંત્રી માતૃશકિત યોજના, દુધસંજીવની યોજના, આંગણવાડીઓમાં બાળકોને ગરમ નાસ્તો, ટેક હોમ રેશન** વગેરે જેવી યોજના હેઠળ રૂ.૬૫૨ કરોડ ૫૩ લાખનો ખર્ચ દર વર્ષે કરવામાં આવે છે.

**માન. અદ્યક્ષશ્રી**

**"સર્વજન હિતાય અને સર્વજન સુખાય"** ના સંદેશ સાથે રાજ્ય સરકાર **શ્રમિકોના કલ્યાણ** માટે તત્પર રહી છે.

રાજ્યમાં એક પણ વ્યક્તિ ભૂખ્યો ન રહે તે માટે અમારી સંવેદનશીલ સરકાર દ્વારા દરેક માટે માનવતાવાદી અભિગમ અપનાવ્યો છે. કોરોના મહામારી સમયે જરૂરિયાતમંદ ૬૯ લાખ કુટુંબોની ૩ કરોડ ૩૬ લાખ જનસંખ્યાને વિના મૂલ્યે ઘઉં, ચોખા, ચણા દાળ, ખાંડ તથા મીઠાનું વિતરણ કરવામાં આવ્યું .

**માન. અદ્યક્ષશ્રી**

બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ ગુજરાત દ્વારા શ્રમિક અન્નપૂર્ણ યોજના શરૂ કરવામાં આવી જેમાં **શ્રમિક અન્નપુર્ણા યોજના** અંતર્ગત માત્ર **રૂ ૫/-** માં શ્રમિક તથા તેના પરિવારને પોષ્ટિક ભોજન આપવામાં આવે છે.

**સાથે સાથે માન.અદ્યક્ષશ્રી ફેરીયાઓની વાત કરું તો.....**

કોરોના વાઈરસ રોગચાળાએ ઘણી વ્યકિતઓના જીવનને અસર કરી હતી જેના પરિણામે ખાસ કરીને જેઓ શારીરિક શ્રમ સાથે સંકળાયેલા તેવા ફેરીયાઓના વ્યવસાયો બંધ થઈ ગયા અથવા લઘુત્તમ આવક પર ચાલે છે. આ સમસ્યાનો સામનો કરવા માટે, માન.નરેન્દ્રભાઈ મોદીએ ફેરીયાઓ પગભર થઈ શકે તેવા આશયથી ફેરીયાઓને **પી.એમ.સ્વનીધી યોજના** હેઠળ લોન આપવામાં આવી છે.

આજે રાજયમાં **૬૫ હજાર થી પણ વધુ** શ્રમિકોની નોંધણી ઈ–નિર્માણ પોર્ટલ પર કરીને તેમને સ્માર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે.

**માન.અધ્યક્ષશ્રી વધુમાં.. પી.એમ વિશ્વકર્મા યોજના વિશે વાત કરું તો.....**

ભગવાન વિશ્વકર્માને વિશ્વના પ્રથમ એન્જિનિયર અને આર્કિટેક્ટ માનવામાં આવે છે. કોઈપણ બાંધકામ કાર્ય માટે ગણપતિ સાથે વિશ્વકર્માને પણ આહવાન કરવામાં આવે છે. એવું કહેવાય છે કે, ભગવાન કુબેરનું **"પુષ્પક"વિમાન** તેમજ **સુવર્ણનગરી** વિશ્વકર્મા એ જ બનાવેલ હતું...! આ ઉપરાંત ભગવાન વિષ્ણુંનું **'સુદર્શન ચક્ર'** તેમજ ભગવાન શિવના **"ત્રિશુલ"** નું પણ વિશ્વકર્મા દ્વારા જ નિર્માણ થયેલ છે. ભગવાન વિશ્વકર્માનો વારસો આપણા સમાજના પાયાને પ્રેરણા અને આકાર આપવાનું કામ કરે છે.

સરકારની લોકો પ્રત્યેની લાગણીશિલતા, ખરા કર્મનિષ્ટોને ઓળખી, તેઓની કળાની ઓળખ સમગ્ર વિશ્વમાં બની રહે તે માટે માન.વડાપ્રધાનશ્રી દ્વારા **"પી.એમ. વિશ્વકર્મા યોજના"** લાવવામાં આવી છે, જેમાં સોની, લુહાર, વાળંદ અને મોચી જેવા સમાજના વિવિધ લોકોને પરંપરાગત **૧૮** પ્રકારના કૌશલ્યની તાલીમ આપવામાં આવશે.

**માન.અધ્યક્ષશ્રી યુવાઓને રોજગારીની વાત કરું તો.....**

ગુજરાતના યુવાઓને **જોબ સીકર નહિ જોબ ગીવર** બનાવવાની ખેવના અમારી સરકારે સેવી છે. નવીન વિચારો સાથે યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા ગુજરાત સરકારે કરેલા પ્રયાસો સતત સફળતાને વરી રહ્યા છે જેના પરિણામ સ્વરૂપ ગુજરાત સ્ટાર્ટઅપ રેન્કિંગમાં **સતત ચોથી વાર બેસ્ટ પર્ફોર્મર રાજય** બન્યું છે તેમજ **યુવાનોને રોજગારી આપતું ગુજરાત દેશનું પ્રથમ રાજય બન્યું છે.**

**માન. અધ્યક્ષશ્રી**

મહાત્મા ગાંધીજી હંમેશા સ્વચ્છતાના આગ્રહી હતા. તે મુજબ માન. વડાપ્રધાનશ્રીએ **" સ્વચ્છ ભારત તંદુરસ્ત ભારત"** ની નેમ સાથે દેશના દરેક લોકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત્તિ કેળવાય, સ્વચ્છતાનું પાલન થાય તે માટે **વર્ષ ૨૦૧૪ થી સ્વચ્છ ભારત મિશનની** શરૂઆત કરાવી.

આ મિશન અંતર્ગત **સ્વચ્છતા હી સેવા અભિયાન** દરમ્યાન શહેરી અને ગ્રામીણ વિકાસ વિભાગો દ્વારા સંયુક્ત પણે રાજ્યના હેલ્થ સેન્ટર તમામ શૈક્ષણિક સંસ્થાઓ શહેરી–ગ્રામીણ વિસ્તારો તમામ મ્યુઝીયમ, હેરીટેજ બિલ્ડીંગ, પુરાતત્વીય

સાઈટ, મહાન પુરૂષોની પ્રતિમા, નદી, તળાવ, ધર્મ સ્થાનો, બાગ બગીચાઓ, સરકારી કચેરીઓ, પાણીના સ્ત્રોતો, સમુદ્ર કિનારાની સફાઈ કરવામાં આવેલ જેમાં સખીમંડળો દ્વારા ગ્રામ વિસ્તારના ડોર ટુ ડોર અભિયાન ચલાવી ૫ લાખથી વધુ ઘરોમાં સ્વચ્છતા વિશેની જાગૃતિ ફેલાવી.

**માન. અધ્યક્ષશ્રી .... વીજળીના ક્ષેત્રની વાત કરું તો....**

આદરણીય માન.નરેન્દ્રભાઈ મોદીએ કહેલી એક વાત યાદ આવે છે....કે 'હું જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રહ્યો અને મારે ફિલ્ડમાં જવાનું થતું ત્યારે એક ગામની મુલાકાત લીધી ત્યારે એક પરિવારે તેમને કિધેલું કે સાહેબ તમે આટલી સારી સેવા આપો છો તો અમોને સાંજના ભોજન સમયે વીજળી આપવામાં આવે તો સારું.. બસ આટલું જ કહેતા માન.નરેન્દ્રભાઇ મોદી દ્વારા **જ્યોતિગ્રામ યોજના** લાવી દરેક ગામોના ઘરમાં ૨૪ કલાક વીજળી મળી રહે તેવી શરૂઆત કરાવી હતી આજે આ યોજના અનેક રાજયોમાં મોડેલ રૂપ બની છે. આ ઉપરાંત તેમણે સોલાર એનર્જીને પણ પ્રાધાન્ય આપ્યું જેના પગલે આજે સોલાર રૂફટોપ યોજનામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે અને પ્રથમ એનર્જી સરપ્લસ રાજ્ય બન્યું છે.

**સૂર્યઉર્જા પ્રોજેક્ટ** અંતર્ગત **મોઢેરા સૂર્યમંદિર** અને નગરને સતત ૨૪ કલાક અને અઠવાડીયાના સાત દિવસ (24*7) એટલે કે, કાયમ માટે સૂર્ય ઉર્જા મળી રહે તેવા માનનીય પ્રધાનમંત્રીશ્રીના ઉદ્દેશ સાથે આ દ્રષ્ટાંતરૂપી પ્રોજેકટનો અમલ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

**માન.અધ્યક્ષશ્રી.....**

માનનીય અધ્યક્ષશ્રી, હું સૌરાષ્ટ્રમાંથી આવું છું. શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી બન્યા તે વર્ષમાં ગુજરાતના લગભગ ૯,૫૦૦ ગામડા, ૪ મેટ્રો સીટી, ૭૯ શહેરોમાં પાણીની ભારે અછત પ્રવર્તતી હતી જે સમસ્યાન નિવારણ માટે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાના પૂરના પાણી નર્મદા મુખ્ય કેનાલ અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓ અને ડેમો સુધી પહોંચાડવા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ **રૂ.૧૦ હજાર કરોડની સૌની યોજના** (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન) અમલમાં મુકવાની **રાજકોટ**થી મહત્વાકાંક્ષી જાહેરાત કરી હતી. જેના પરિણામ સ્વરૂપે નર્મદાના નીર આંગણે આંગણે પહોંચ્યા છે.

**માન.અધ્યક્ષશ્રી**

નેશનલ ટુરીઝમ ૨૦૨૧ના રિપોર્ટ મુજબ ગુજરાત રાજ્ય વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં બારમાં સ્થાને અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં નવમા સ્થાને હતું. હાલમાં ગુજરાતમાં થઈ રહેલા **પ્રવાસનના વિકાસને** કારણે નેશનલ ટુરીઝમ ૨૦૨૨ના રિપોર્ટ મુજબ ગુજરાત રાજ્ય વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં **પ્રથમ સ્થાને** અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામા પાંચમા સ્થાને આવી ગયેલ છે.

યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરીઝમ ઓર્ગનાઈઝેશન દ્વારા ગુજરાતનાં **ધોરડો ગામ** ને સર્વ શ્રેષ્ઠ પ્રવાસન ગામ નો એવોર્ડ મળેલ છે.

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા જામનગર જિલ્લાના **ખીજડીયા ગામ**ને સર્વ શ્રેષ્ઠ પ્રવાસન ગામ નો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

**માન.અધ્યક્ષશ્રી ....**

**"જન જનના આરોગ્યની સુખાકારી અમારી સરકારની પ્રાથમિકતા છે."**

રાજ્ય સરકારની સફળ અને લોકઉપયોગી મુખ્યમંત્રી અમૃતમ મા" અને "મા વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધારી ગુજરાત સરકાર દ્વારા ભારત સરકારની આયુષ્માન ભારત – **પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના** સાથે સાંકળી લેવામાં આવી છે. વર્ષ ૨૦૨૧થી "મા" તથા "મા વાત્સલ્ય" યોજના અને આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાને "પી.એમ.જે.એ.વાય.-મા યોજનાનું સંયુક્ત નામ આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ પ્રતિ વર્ષ **રૂ. ૧૦ લાખ** સુધીનું આરોગ્ય કવચ પૂરું પાડવા **"આયુષ્યમાન કાર્ડ"** આપવામાં આવે છે જે અન્ય રાજયોની તુલનામાં બમણું છે.

માન.અધ્યક્ષશ્રી, છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે, આ સરકાર દ્વારા માત્ર વિકાસની રાજનીતિના મંત્ર સાથે જનસુખાકારીના અને રાજયના વિકાસ માટેના જ આયોજન કર્યા છે. આ સરકારે માત્ર રાજયની સાડા છ કરોડની જનતાની સુખાકારીની જ ચિંતા કરી છે. આપણા મૃદુ અને મીતભાષી માનવંતા રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુડ ગવર્નન્સની નેમ સાથે ગુજરાતનો વિકાસ કર્યો છે તેના થકી આજે ગુજરાતના દરેક નાગરીકની સશકતતા વધી રહી છે.

માન.મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચનમાં રાજયના સર્વાંગી વિકાસની સાથે સાથે સર્વ સમાવેશક વિકાસની ઝલકનો સમાવેશ કર્યો છે. અમારી સરકાર દ્વારા

રાજયના છેવાડાના વિસ્તારમાં વસવાટ કરતા લોકોના જીવનમાં આર્થિક ઉન્નતિ તેમજ જીવન ધોરણની ગુણવત્તા સુધારવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકિય સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો થયો છે.

ગુજરાત રાજ્યમાં વસનાર દરેક વ્યક્તિને ગુજરાત રાજ્ય પ્રત્યે ખૂબ લાગણી છે. કવિ ઉમાશંકર જોષી દ્વારા લખાયું છે કે.....

**"ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ગિરા ગુજરાતી,**
**કૃષ્ણ–ચરણરજ–પુનીત ધારા આ ગાંધીગિરા ગુજરાતી."**

અંતે મારે એટલું જ કહેવું છે કે ગુજરાતની જનતાએ મુકેલા વિશ્વાસને વધુ વ્યાપકપણે સાકાર કરવાં અમે બમણી મહેનતથી જનસેવા કરી રહ્યા છીએ અને કરીશું.